વેબસાઇટઃ www.bankofbaroda.com ઇમેલ - corp.pr@bankofbaroda.com

ટેલીફોન નંબર 022 6759 2590

સ્થાન/Place: મુંબઈ તારીખ/Date:22.01.2019

**અખબારી યાદી /Press Release**

## બેંક ઓફ બરોડાએ સીનિયર સિટિઝન પ્રિવિલેજ, મહિલા શક્તિ સેવિંગ એકાઉન્ટ્સ લૉંચ કર્યા

*મહિલાઓને સક્ષમ બનાવવા, વૃદ્ધો માટે બેંકિંગ સરળ બનાવવા સેવિંગ એકાઉન્ટનાં બે વેરિઅન્ટ લૉંચ કર્યા*

**મુંબઈ, 22 જાન્યુઆરી, 2019:** બેંક ઓફ બરોડાએ બે નવા સેવિંગ એકાઉન્ટ બરોડા મહિલા શક્તિ સેવિંગ એકાઉન્ટ અને બરોડા સીનિયર સિટિઝન પ્રિવિલેજ સેવિંગ એકાકઉન્ટ લૉંચ કર્યા છે, જે અનુક્રમે મહિલા સશક્તિકરણ અને વયોવૃદ્ધ લોકો માટે બેંકિંગની સરળતાનો પાયાનો વિચાર ધરાવે છે.

આ બંન પ્રોડક્ટ બેંકિંગ સેવાઓ અને અનુભવો પર આકર્ષક ડિસ્કાઉન્ડ/બેનિફિટ આપે છે. બંને વેરિઅન્ટ માટે એકાઉન્ટમાં લઘુતમ બેલેન્સ (ક્યુએબી) મેટ્રો/શહેરી ગ્રાહકો માટે રૂ. 3,000/-, અર્ધશહેરી ગ્રાહકો માટે રૂ. 2000/- અને ગ્રામીણ ગ્રાહકો માટે રૂ. 1000/- હશે. અન્ય ફાયદાઓમાં વાર્ષિક લોકર ચાર્જ પર મુક્તિ, વિવિધ પ્રકારની લોન પર પ્રોસેસિંગ ફી, ક્રેડિટ અને ડેબિટ એમ બંને પ્રકારનાં કાર્ડ પર વિશેષ લાભ સામેલ છે.

આ લૉંચ પર બેંક ઓફ બરોડાનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી એસ એલ જૈને કહ્યું હતું કે, "સરેરાશ આયુષ્યમાં વધારો થવાની સાથે બેંકો અને નાણાકીય સંસ્થાઓ વૃદ્ધોની વધતી સંખ્યા અને મહિલાઓને સેવા આપવાની તકો અને જવાબદારી ધરાવે છે. અમે બેંક ઓફ બરોડામાં સંપૂર્ણ નાણાકીય જરૂરિયાતો ચકાસવા અને આ સેગમેન્ટની અંદર બચતની ટેવ પાડવા વિવિધ પ્રોડક્ટનો સેટ ઊભો કરવા હાથ સહિયારા પ્રયાસો હાથ ધર્યા છે."

**--અધિકૃત હસ્તાક્ષરકર્તા/--**

**(શૈલેન્દ્ર સિંહ)**

**ડેપ્યૂટી જનરલ મેનેજર**

**(માર્કેટિંગ અને ડબલ્યુએમએસ)**

BCC/CPR/2018/497